eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 208
December 11, 2009

## માહે ડીસેમ્બર ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ડીસેમ્બર માસ દરમ્યાન ૩૫૯૫ ઈન્ડોર તથા ૩૭૧૪૨ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૯૨૧ તથા મોટા ૫૭૭ ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૬૫૯૮ એક્ષ રે પાડવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મ્યુનિસીપલ કોર્ટમાં આગામી તારીખ ૨૦ મી ડીસેમ્બર–૨૦૦૯–રવિવારના રોજ 'લોક અદાલત'

મ્યુનિસીપલ કોર્ટમાં આગામી તારીખ ૨૦ મી ડીસેમ્બર–૨૦૦૯–રવિવારના રોજ 'લોક અદાલત' નું આયોજન પેન્ડીંગ કેસોમાં સમાધાનરૂપે ઓછા દંડથી કેસોનાં નિકાલનું આયોજન. – પક્ષકારોને લાભ લેવા અપીલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં માતાવાડી ખાતે, સુમન હાઈસ્કૂલ તેમજ સરથાણા નવા જકાતનાકા પાસે, ખાડી પર હયાત પુલની જગ્યાએ નવા પુલની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં માતાવાડી ખાતે, સુમન હાઈસ્કૂલ તેમજ સરથાણા નવા જકાતનાકા પાસે, ખાડી પર હયાત પુલની જગ્યાએ નવા પુલની ખાતમુહૂર્તવિધિ આજરોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસક પક્ષ શ્રી ભીમજીભાઈ પટેલના અતિથિ વિશેષપદે, મા. અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાના વરદ હસ્તે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે ડીસેમ્બર ૨૦૦૯–૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં ડીસેમ્બર માસ દરમ્યાન ૩૫૯૫ ઈન્ડોર તથા ૩૭૧૪૨ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૯૨૧ તથા મોટા ૫૭૭ ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૬૫૯૮ એક્ષ રે પાડવામાં આવ્યા હતા. ટી.બી. ના નવા ૨૩૯ અને જુના ૫૩૩ દર્દીઓ સહીત કુલ ૭૧૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૩૪૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૮૭ તથા આંખ વિભાગમાં ૨૭૧૫ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૧૪૬૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો લાભ મેળવી રહયા છે.

TOP

## મ્યુનિસીપલ કોર્ટમાં આગામી તારીખ ૨૦ મી ડીસેમ્બર–૨૦૦૯–રવિવારના રોજ 'લોક અદાલત'

મ્યુનિસીપલ કોર્ટમાં આગામી તારીખ ૨૦ મી ડીસેમ્બર–૨૦૦૯–રવિવારના રોજ 'લોક અદાલત' નું આયોજન પેન્ડીંગ કેસોમાં સમાધાનરૂપે ઓછા દંડથી કેસોનાં નિકાલનું આયોજન. – પક્ષકારોને લાભ લેવા અપીલ.

સુરત શહેરમાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુરત મહાનગરપાલિકા તરફથી ઘી.બી.પી.એમ.સી. એકટ હેઠળ કરવામાં આવેલ કેસો તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે આગામી તારીખ ૨૦મી ડીસેમ્બર ૨૦૦૯ રવિવારના રોજ મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનિ.) સાહેબની કોર્ટમાં 'લોક અદાલત' નું આયોજન કરવામાં આવેલ છે.

આ લોક અદાલતમાં આરોગ્ય ખાતા અને ગુમાસ્તા ધારા વિભાગ ધ્વારા કરવામાં આવેલ કેસો, સમાધાનરૂપે ઓછા દંડથી નિકાલ કરવામાં આવનાર છે. જેથી આ લોક અદાલતનો પક્ષકારોને મહત્તમ લાભ લેવા સુરત મહાનગરપાલિકા ધ્વારા અપીલ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં માતાવાડી ખાતે, સુમન હાઈસ્કૂલ તેમજ સરથાણા નવા જકાતનાકા પાસે, ખાડી પર હયાત પુલની જગ્યાએ નવા પુલની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોનમાં માતાવાડી ખાતે, સુમન હાઈસ્કૂલ તેમજ સરથાણા નવા જકાતનાકા પાસે, ખાડી પર હયાત પુલની જગ્યાએ નવા પુલની ખાતમુહૂર્તવિધિ આજરોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે, મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા. નેતાશ્રી શાસક પક્ષ શ્રી ભીમજીભાઈ પટેલના અતિથિ વિશેષપદે, મા. અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાના વરદ હસ્તે સંપન્ન થઈ.

આ પ્રસંગે યોજાયેલ મુખ્ય સમારંભમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યુ હતું કે સુરત મહાનગરપાલિકાના વિકાસના પ્રકલ્પોની માહિતી આપને મળી જેથી વધુ માહિતી ન આપતા મુખવાસ તરીકે થોડી વિગતો જણાવતા આનંદ અનુભવુ છુ. હાલમાં કેન્દ્ર સરકાર ધ્વારા મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવામાં આવી છે. વડાપ્રધાન પાસેથી એવોર્ડ મેળવતી વખતે તેઓશ્રીએ જણાવેલ કે " હું તો શું આભાર માનું, ખૂબ ખૂબ ધન્યવાદ" આપણા માટે આનાથી વધુ આનંદની વાત બીજી ન હોય શકે. આ શહેરની સ્વીકૃતિ વડાપ્રધાને પણ કરી છે. આગામી વર્ષમાં અનેક પ્રકલ્પોનું નિર્માણકાર્ય હાથ ધરી લોકાર્પણ કરવામાં આવશે. દશેરાથી શરૂ કરી આજ દિન સુધીમાં અંદાજે ૫૫ પ્રકલ્પોનું નિર્માણ/લોકાર્પણ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા જાહેર જનતાની સેવા કરવા માટે પ્રતિબધ્ધ છે.

કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરતા મ્યુ. કમિશનરશ્રી એસ. અપર્ણાએ જણાવ્યુ હતુ કે, વરાછા વિસ્તાર ખુમારી વાળો અને વિકાસની દ્રષ્ટિએ ધબકતો છે. અહીં કામનું પરિણામ તાત્કાલીક મળે છે. અનેક મહાનગરપાલિકા પૈકી સુરત મહાનગરપાલિકા જાહેર જનતાને પ્રાથમિક શિક્ષણ સાથે માધ્યમિક શિક્ષણની સુવિધા પણ પુરી પાડે છે. સાકારિત થનાર સુમન હાઈસ્કુલમાં વાંચનાલય, પોષ્ટઓફિસ, લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવનાર છે. ગત વર્ષે વરાછા સુમન હાઈસ્કુલનું ધોરણ–૧૦નું પરિણામ ૧૦૦% આવ્યું છે. જુના સરથાણા નાકા પાસે ખાડી પર બ્રિજ સાકારિત થતા નાના વરાછા અને સીમાડા વિસ્તારને વૈકલ્પિક વ્યવસ્થા પ્રાપ્ત થશે. નજીકના માસમાં એક અન્ય પુલનું આયોજન પણ વિચારાધિન છે. વરાછા ઝોનમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૫૦૬ કરોડના શહેર કક્ષાના, ઝોન કક્ષાના અને વોર્ડ કક્ષાના પ્રકલ્પોનું નિર્માણ/લોકાર્પણ કરવામાં આવેલ છે. વરાછામાં હાલમાં જ મલ્ટીલેવલ પાર્કીગનું લોકાર્પણ કરવામાં આવેલ. આગામી માસમાં વરાછા વિસ્તારમાં સરદાર સ્મૃતિભવનની બાજુમાં આવેલ મલ્ટીલેવલ પાર્કીગનું લોકાર્પણ કરવામાં આવનાર છે. આગામી દિવસોમાં લગભગ ૨૮ લાખના ખર્ચે વયોવૃધ્ધ નાગરિકો માટે શાંતિકુંજ અને વાંચનાલયનું પણ આયોજન હાથ ધરવામાં આવનાર છે. કાપોદ્રામાં પણ શાંતિકુંજ–વાંચનાલયનું નિર્માણ હાથ ધરવામાં આવનાર છે. આ વિસ્તારમાં ગટર વ્યવસ્થા, રોડ કાર્પેટ અને મેટલ ગ્રાઉર્ગીગના કામો હાથ ધરવામાં આવેલ છે. નવા સમાવિષ્ટ વિસ્તારની ૭૭ સોસાયટીમાં આ વર્ષે પાણી, ગટર અને સ્ટ્રીટ લાઈટ અને રસ્તાના કાર્યો હાથ ધરવામાં આવનાર છે. વરાછા વિસ્તારમાં ૩૮ લાખના ખર્ચે સ્ટ્રોમ ડ્રેનેજ લાઈનનું નિર્માણ કરવામાં આવેલ છે. પંપીગ સ્ટેશનનું કામ પૂર્ણ થયેથી જાહેર જનતાને આનો લાભ મળતો થશે. સુરત મહાનગરપાલિકાના કાર્યોમાં જાહેર જનતાનો સહકાર પણ મળતો રહે છે. જેથી વિકાસ ગાથાની ઉજવણી કરી શકીશું. અંતમાં સુરત મહાનગરપાલિકાના કાર્યોમાં પ્રજાજનોનો સહકાર આપવા અપીલ કરી હતી. અતિથિવિશેષ પદેથી સંબોધન કરતા મા. નેતાશ્રી શાસક પક્ષ શ્રી ભીમજીભાઈ પટેલે જણાવ્યું કે સને ૨૦૦૫ બાદ સુરત મહાનગરપાલિકાના વહીવટીતંત્રે અને પદાધિકારીશ્રીઓના સંકલનથી વિકાસના અનેક કાર્યો પૂર્ણ કરી શહેરીજનોની સુવિધા માટે લોકાર્પણ કરવામાં આવેલ છે. સુરત શહેરને ભારતભરમાં પ્રથમ કક્ષાએ મુકવાનું ગૌરવ પ્રાપ્ત થયુ છે. પુણા સીમાડા વિસ્તારના ૧૭ કરોડ વેરાની સામે અનેક યોજનાઓ જેવી કે પાણી,રસ્તા,ડ્રેનેજ,બીઆરટીએસ જેવી વિવિધ યોજનાઓના પ્રકલ્પોનું આયોજન હાથ ધરવામા આવેલ છે. વરાછા ઝોનમાં ઝોન ઓફિસનું નિર્માણ,મલ્ટીલેવલ પાર્કિંગ,વાંચનાલય,સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,આરોગ્ય કેન્દ્ર,સર્કલ,ડિવાઈડરો,આંગણવાડી અને વરાછા મુખ્યરોડને ક્રાંતિપથ નામ આપી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામા આવશે. શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારને તાકીદે પાણીની સવલત મળે તે માટે મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે.

સ્થાયીસમિતિ અધ્યક્ષશ્રી મુકેશ દલાલે પોતાના સંભાષણમા જણાવ્યું હતું કે મોહનની ચાલમાં સુમન શાળાનું આયોજન માજી મેયરશ્રી અને સદસ્યશ્રીઓની રજુઆતનું પરિણામ છે. આ વિસ્તારમા તથા સમગ્ર શહેરમાં મોટા પ્રમાણમાં વિકાસ કાર્યો થયેલ છે. પ્રજાના સહકારથી અંદાજે ૨૨૫૦ કરોડના વિકાસ કામો હાથ ધરી શકાયા છે. છેલ્લ ચાર વર્ષમાં સરેરાશ અંદાજે ૪૫૦ કરોડના વિકાસ કાર્યો હાથ ધરી શકાયા છે. જે મનપાની સિધ્ધિ અને કાર્યક્ષમતાનું પ્રતિબંબ પાળે છે. નવા વિસ્તારના સ્ટ્રોમ ડ્રેનેજના રૂા. ૩૮ કરોડ પૈકી રૂા. ૨૧ કરોડનાં કાર્યો ચાલી રહયા છે. વરાછા રોડની કાયાપલટ કરવાની મહાનગરપાલિકાની નેમ છે.

અંતમા આભારવિધિ મા. અધ્યક્ષશ્રી જાહેરબાંધકામ સમિતિ શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાએ કરી હતી. મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત સુતરની આંટી અર્પણ કરી કરવામા આવેલ.

આ પ્રસંગે માજી મેયર શ્રી કનુભાઈ માવાણી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.કમિશનરશ્રી એસ.અપર્ણા,અધિકારીશ્રીઓ,કર્મચારીઓ અને વિશાળ સંખ્યામાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP